विद्या सर्वार्थ साधिका

# આનંદાલય

## વાર્ષિક પરીક્ષા

## ધોરણ – ૬

વિષય : ગુજરાતી | કુલ ગુણ : ૨૦

તા : ૧૯.૦૨.૨૦૨૪ | સમય : ૧ કલાક

નામ: ________________________________ ધોરણ: _________ ક્રમાંક : _________

**પ્રશ્ન:૧ નીચે આપેલા પ્રશ્નોના જવાબ બે - ત્રણ  વાક્યમાં લખો.** **૧×૮=૮**

૧ વિષ્ણુદત્તનું ગાડું કાદવકિચડમાં કેવી રીતે ફસાયું ?

૨ બેસહારા પંખીને હંસોને શું કહ્યું ?

3 સસલાને પકડવા કાગડાએ શું વિચાર્યું ?

૪ કાગડો કેવો હતો ? નકલમાં અક્કલ ન હોય તેના આધારે લખો.

૫ અજવાળું આપવા માટે પ્રભુએ શું શું બનાવ્યું છે ? તે લખો.

૬ જીવન જીવવા માટે સૌથી વધારે ઉપયોગી વસ્તુ કઈ છે ? તે ‘ વીસરું નહિ પ્રભુ નામ ’ કાવ્યને આધારે લખો.

૭ યુવાન બ્રાહ્મણ પોતાનાં પરિવારનું ભરણપોષણ કેવી રીતે કરતો હતો ? તે વાત ‘માની શિખામણ’ પાઠને આધારે લખો.

૮ મા એ પુત્રને શું કહ્યું ? તેણે પુત્રને સાથે લઇ જવા શું આપ્યું તે લખો.

| |
|---|
| |
| |
| |
| |
| |

**પ્રશ્ન:૨ સુચના પ્રમાણે નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો.**

**(અ) નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દ લખો.** **૧×૨=૨**

| | | |
|---|---|---|
| ૧ | માતા | |
| ૨ | પ્રભુ | |

**(બ) નીચે આપેલા વિધાનો કોણ બોલે છે લખો.** **૧×૨=૨**

૧ ભાઈઓ , મારે આશ્રય જોઈએ છે.

| |
|---|
| |

૨ અમે આ સરોવર ખરીદી લીધું છે.

| |
|---|
| |

**પ્રશ્ન:3 (અ) નીચે આપેલ ખાલી જગ્યા પૂરો.** **૧×૨=૨**

૧ બીજે દિવસે કાગડો પર્વતના __________________ પર પહોંચી ગયો.

૨ યુવાન બ્રાહ્મણની માતાએ _______________ ને એક કપૂરની ડાબલીમાં મુક્યો.

**(બ) નીચે આપેલા શબ્દોની સાચી જોડણી લખો.** **૧×૨=૨**

| | | |
|---|---|---|
| ૧ | પરીણામ | |
| ૨ | ચાબૂક | |

પ્રશ્ન:૪ નીચે આપેલી વાર્તા વાંચીને પ્રશ્નોના જવાબ લખો. ૧×૪=૪

એક વેપારી હતો તેને એકનો એક દીકરો હતો. આથી માતા-પિતા પુત્રને બહુ લાડ કરે. એને ખુશ રાખવામાં તેઓ કોઈ ખામી આવવા દે નહિ. વધારે પડતાં લાડથી પુત્ર બગડવા લાગ્યો. એ જેમ જેમ મોટો થતો ગયો તેમ તેમ વધુ ને વધુ ઉડાઉ થતો ગયો. ખોટો ખરચ ન કરવો જોઈએ એવી એને ખબર પડતી નહિ, અને તે મિત્રોની સાથે ફરવા જાય અને પૈસા પાણીની જેમ વાપરે. આથી માતા-પિતાને ચિંતા થવા લાગી. પુત્રને સુધારવા માટે માતા-પિતાએ ઘણા પ્રયત્નો કર્યા. પણ કોઈ ફરક પડ્યો નહિ.

એક દિવસ પિતાએ પુત્રને કહ્યું: “બેટા, મારી પાસે જે કાંઈ છે તે તારું જ છે , પણ શરત એ કે તું પણ કમાઈ શકે છે એવું તારે બતાવવું પડશે , અને પૈસા કમાવીને લાવવા પડશે. જ્યાં સુધી તું કમાઇશ નહિ ત્યાં સુધી મારા પૈસામાંથી તને એક પૈસોય નહિ મળે.” પિતાની ટકોરથી પુત્રને ખૂબ ખોટું લાગી આવ્યું એણે નક્કી કર્યું, ‘હું કમાઈ શકું છું એવું ચોક્કસ બતાવી આપીશ.’

બીજે દિવસે પુત્ર કામની શોધમાં નીકળ્યો. ફરતા ફરતા તેને લારી ખેંચવાનું કામ મળ્યું. આ કામમાં એણે એક ગોદામમાંથી અનાજની ગૂણો ઉપાડી લારીમાં મૂકવાની ને બીજા ગોદામમાં જઈને ઉતારવાની હતી. આખો દિવસ કાળી મજૂરી કરી ત્યારે એને એક રૂપિયો મળ્યો. રૂપિયો લઈ એ ઘરે ગયો. એણે રૂપિયો પિતાજીને આપ્યો. ઘરની પાછળ વાડામાં એક કૂવો હતો. પિતાએ તો પુત્રની નજર સામે જ શાંતિથી એ રૂપિયાને કૂવામાં નાખી દીધો.

થોડા દિવસ આમ જ ચાલ્યું. પિતા દીકરાને કશું કહે નહિ અને એની કમાણીનો રૂપિયો કૂવામાં નાંખી દે. હવે પુત્ર અકળાયો. તેણે પૂછ્યું, “પિતાજી, મારી કાળી મજૂરીનો રૂપિયો તમે આમ કૂવામાં શા માટે નાખી દો છો ? ” પિતાએ એને કહ્યું: ‘હું જાણું છું કે તું દિવસભર સખત મજૂરી કરે છે ત્યારે એક રૂપિયો કમાય છે. તારી મહેનતનો એક રૂપિયો જ્યારે હું કૂવામાં નાંખી દઉં છું ત્યારે તારો જીવ કપાઈ જતો હશે એ પણ હું સમજી શકું છું. એ જ પ્રમાણે દીકરા, મારા કમાયેલા રૂપિયા તું જ્યારે ગમે તેમ વેડફી નાખતો હતો ત્યારે મને કેવું લાગતું હશે એ તને હવે સમજાયું હશે.’
પુત્રને પોતાની ભૂલ સમજાઈ ગઈ. એણે કાન પકડ્યાં અને પિતાને કહ્યું: તમારી વાત સાવ સાચી છે. હવેથી હું પૈસા ગમે તેમ વેડફીશ નહિ.

૧ વેપારીએ પોતાના પુત્રને કડક ભાષામાં શું કહ્યું ?

| |
|---|
| |
| |
| |

૨ વેપારીના દીકરાને શેનું કામ મળ્યું હતું ?

| |
|---|
| |
| |
| |

3 વેપારીએ પુત્રના કમાઈને લાવેલા પૈસા ક્યાં ફેંકી દીધા ?

| |
|---|
| |
| |
| |

૪ પુત્રને પોતાની ભૂલ સમજાતા તેને પિતાને શું કહ્યું તે જણાવો.

| |
|---|
| |
| |
| |